જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૬/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૮૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૧૬૭ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૨૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૬ બિયર ટીન, ૦૩ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ ઝડપી રોકડ રૂપિયા ૧૭,૭૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૮૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૭૮૭/૨૦૨૬**

વેજલપુરઃ વિજયરાજ સ/ઓ ભરતભાઇ સોલંકી (ઉ.વ.૩૫)(રહે.પ્રકાશ સોસાયટી, યોગેશ્વર ફ્લેટ પાછળ, અમીરાજ સોસાયટી બાજુમાં, વેજલપુર) એ તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૫/૨૦૨૬ થી તા.૦૯/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ વિજયરાજ સોલંકીના મોબાઇલમા ઓ.એસ ફોર્સ કુલી અપડેટ કરાવી તેઓની જાણ બહાર યેનકેન વિજયરાજ સોલંકીના અલગ–અલગ ત્રણ બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૧,૭૫,૦૦૦/– ઓનલાઈન ટ્રાન્જેક્શન કરી મેળવી લઇ વિજયરાજ સોલંકી સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.

ઓઢવઃ મેહુલભાઇ બાબુભાઇ ચૌહાણ (ઉ.વ.૩૦)(રહે. ભવાનીનગર ટેકરો, જોગણી માતાના મંદીર પાસે, સી.એમ.સી.પાસે ઓઢવ) એ તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૪ થી તા.૨૮/૦૧/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ અર્બુદાનગર શીતલછાયા ચાર રસ્તા પાસે કમળ સર્કલ ખાતે આવેલ “શ્રીગણેશ જ્વેલર્સ” ખાતે આરોપી શામળભાઇ દેસાઇ નાઓને સોનાના દાગીના બનાવવા સારૂં એડવાન્સ પેટે રોકડ રૂપિયા ૩,૧૫,૦૦૦/– તથા મેહુલભાઇના મિત્રએ દાગીના બનાવવા સારૂં આપેલ રોકડ રૂપિયા ૧,૧૩,૭૦૦/– મળી કુલ રોકડ રૂપિયા ૪,૨૮,૭૦૦/– તથા નવી બનાવવા સારૂં આપેલ જુની સોનાની ચેઇન તથા સોનાની વીંટી મેળવી લઇ નાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.ચૌહાણ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ નિક્ષીતભાઈ ધિરેન્દ્રભાઈ સતિયા (ઉ.વ.૬૩)(રહે, શિતલનાથ ફ્લેટ, હિરામણી ફ્લેટ સામે, વૃંદાવન સોસાયટીની બાજુમાં, વાસણા) એ તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૬/૨૦૨૬ સાંજના ૬/૧૫ થી તા.૦૨/૦૬/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૮૨૮૨૮૯૮૪૯૫ ના ધારકે નિક્ષીતભાઈના મોબાઈલ ફોન ઉપર ફોન કરીને ઈન્ડસઈન્ડ બેંકનુ સિનિયર સિટીઝનનુ પેંશન કાર્ડ લેવા સારૂં વાતચીત કરી તેમજ વોટસએપ મોબાઈલ નંબર ૮૯૬૧૦૦૪૧૩૬ ના ધારકે Induslnd Pension card.apk ની એ.પી.કે.ફાઈલ મોકલી તેમજ વિડીયો કોલ કરીને ઈન્ડસઈન્ડ બેંકના કર્મચારી તરીકેની ઓળખ આપી નિક્ષીતભાઈના મોબાઈલનો એક્સેસ મેળવી, આઈડી–પાસવર્ડની ચોરી કરી, ઓટીપી મેળવી લઈ, ઈન્ડસઈન્ડ નેટ બેંકીગ ચાલુ કરીને નિક્ષીતભાઈના ઈન્ડસઈન્ડ બેંકના ખાતામાંથી અનુક્રમે રૂપિયા ૪,૪૫,૭૮૧/– અને રૂપિયા ૪,૬૭,૭૮૧/– વિડ્રો કરી મેળવી લઈ નિક્ષીતભાઈ સાથે છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.પી.ઠાકોર ચલાવે છે.

સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ– **સમાચાર ચાદી નં.૭૮૮/૨૦૨૬**

ચાંદખેડાઃ કમલેશકુમાર રવિશંકર રાવલ (ઉ.વ.૫૭)(રહે.પાર્શ્વનાથ મેટ્રોસીટી, ટીપી–૪૪, નીગમનગર, ચાંદખેડા) એ તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૫/૨૦૨૬ સવારના ૬/૦૦ થી ૬/૧૫ વાગ્યા દરમ્યાન ચાંદખેડા ટીપી–૪૪ પ્રમુખ સ્વામી રોડ થી કલાધામ ફ્લેટ સામે મોર્નીંગ વોક કરતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કમલેશકુમાર રાવલના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૪,૫૦,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.યુ.ઠાકોર ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૭૮૯/૨૦૨૬**

શાહીબાગઃ અભયભાઈ નથ્થુભાઈ પટણી(ઉ.વ.૪૮)(રહે. મંજુશ્રી મીલની મેડાવાળી ચાલી, બળિયા લીમડી ચાર રસ્તા, પંજાબ પેટ્રોલ પંપ પાસે, અસારવા) એ તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૫/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે શાહીબાગ જેઠાભાઈ પરમાર ગાર્ડન પાસે આવેલ અમુલ પાર્લર નજીક પોતાની એક્ટિવા પાર્ક કરી દુકાનમાં ગયા હતા ત્યારે એક્ટીવાની ડેકી ખોલી, અજાણી વ્યક્તિ ડેકીમાંથી રોકડ રૂપિયા ૮,૦૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

ખાડીયાઃ મુકેશભાઈ જસુભાઈ સોની (રહે. સ્ટરલીંગ સીટી, શિવઆશીષ સ્કુલ રોડ, બોપલ) એ તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૧૨/૨૦૨૫ થી તા.૨૯/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન માણેકચોક ખાતે આવેલ "યોગી જવેલર્સ પ્રાઈવેટ લીમીટેડ" નામની મુકેશભાઈ સોનીની દુકાનમાં કામ કરતા આરોપી ધવલ બુરસે (રહે.રબારી કોલોની, વસ્ત્રાલ) દુકાનમાંથી પચીસ સોનાના ટુકડાઓમાંથી કુલ ૨૮૦ ગ્રામ ફાઈન સોનુ કિમત રૂપિયા ૪૦,૦૦,૦૦૦/– ચોરી કરી લઈ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.આર.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૭૯૦/૨૦૨૬**

રાણીપઃ વાઘજીભાઈ ગોરાભાઈ મકવાણા (ઉ.વ.૫૫)(રહે.હનુમાનનગરના છાપરા, રાણીપ પોલીસ લાઈન સામે, રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૬/૨૦૨૬ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઈપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જે.દેસાઈ ચલાવે છે.

શાહીબાગઃ મયુરભાઇ શૈલેષભાઇ દંતાણી (ઉ.વ.૨૪)(રહે, સંતોષીનગરના છાપરા, રાજસ્થાન હોસ્પીટલ પાસે, શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૬/૨૦૨૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિપકકુમાર બાજીરાવ ચલાવે છે.

વટવાઃ શીવરાજ સ/ઓ મેડીલાલ શાહુ (ઉ.વ.૨૨)(રહે. શ્રીસાંઈનગર, ઠાકોરવાસ, વટવા ગામ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૬/૨૦૨૬ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામદેવસિંહ ચતુરસિંહ ચલાવે છે.

રામોલઃ (૧) રમીજખાન યાસીનખાન પઠાણ (ઉ.વ.૩૮)(રહે.નસીમ પાર્ક, રામોલ ગામ, રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૬/૨૦૨૬ સવારના ૬/૪૫ વાગ્યા પહેલા રાધીકા મોલ પાર્લર પાસે, સી.ટી.એમ ડબલ ડેકર બ્રીજ ઉપરથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.પટેલ ચલાવે છે.

રામોલઃ (૨) માધુરીબહેન વા/ઓ રાજુભાઇ ઠાકોર (ઉ.વ.૩૫)(રહે.શ્રીનંદ સિટી–૦૧ ન્યુ મણીનગર રામોલ રોડ રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૬/૨૦૨૬ સવારના ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર ગણપતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી